ગુજરાતમિત્ર

## ગતિવિધિ

### શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લી દ્વારા શરદ પૂનમ દિવ્યાંગો માટે ગરબા યોજાયાં



વડોદરા : આધ્યા શક્તિમાં આંબાની આરાધનાના પર્વ નવરાત્રીને લઈ ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લી દ્વારા શરદપૂનમ નિમિત્તે વડોદરા શહેર માં આવેલ માનસિક આરોગ્ય હોસ્પિટલ ખાતે વિકલાંગો માટે ખાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિકલાંગો મન મૂકીને ઉત્સાહભેર ગરબે રમ્યા હતા અને માતાજીની આરાધના કરી હતી. આ વેળાએ માનસિક આરોગ્ય હોસ્પિટલ ખાતે અનોખા દ્રશ્ય સર્જાયા હતા. ગુજરાતીમાં કહેવત છે કે મન હોય તો માળવે જવાય. આ વાતને વડોદરાના દિવ્યાંગોએ સાર્થક કરી બતાવી હતી. અમુક દિવ્યાંગોને ચાલવું પણ મુશ્કેલ હોય છે. આવા સમયે તેઓએ ગરબે રમી પોતાની તાકાતમાં પરચો આપ્યો હતો આ કાર્યક્રમમાં શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લી ના અધ્યક્ષ ગૌરવ પવળે, મંડળીના સભ્યો, પૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, વોર્ડ નંબર નવના પૂર્વ નગર સેવક રાજેશભાઈ આહિર ઉપસ્થિત રહ્યા હતા.

### સૂરસાગર કિનારે મહારાષ્ટ્રિયન સમાજના ભગવાન ખંડોબા દાદાના મંદિરે ભજન કિર્તન



વડોદરા : આસો સુદ પૂર્ણિમા જે શરદપૂર્ણિમા તથા કોજાગરી પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે આ દિવસે તમામ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે તે જ રીતે સતત પાંચમા વર્ષે વિઠ્ઠલ રખુમાઇ ચેરિટેબલ ટ્રસ્ટ તથા વારકરી સંપ્રદાયના સભ્યો દ્વારા શહેરના મધ્યે આવેલા સૂરસાગર કિનારે મહારાષ્ટ્રિયન સમાજના ભગવાન એવા મસોબાદાદાના અને સતી આશરાના મંદિર ખાતે ભજન સંધ્યા તેમજ મહા આરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વારકરી સંપ્રદાયના ભજન મંડળદ્વારા ભજન કિર્તન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્યોગપતિ દિપક જાધવ સાથે જ મહા આરતીમાં પૂર્વ ડેપ્યુટી મેયર અને વોર્ડ-14ના મ્યુનિ. કાઉન્સિલર નંદાબેન જોશી, જેલમબેન ચોક્સી તથા હરેશભાઇ જીનગર સાથે જ વોર્ડ નં.7ના કાઉન્સિલર શ્વેતાબેન ઉતેકર, ,કિર્તનકાર નારાયણ સખારામ જાધવ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,વિંઝોલ ખાતે ત્રી-દિવસીય યુવક મહોત્સવ 'સ્પન્દન-2024'નો શુભારંભ



ગોધરા : દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,ગોધરાના કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ તેમજ કુલસચિવ ડૉ. અનિલ સોલંકી અને મુખ્ય સંયોજક ડૉ. સુરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા 5 મો યુવક મહોત્સવ 'સ્પન્દન-2024' નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ત્રિ દિવસીય યુવક મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો. કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ગોધરા રેન્જ પોલીસ મહાનિર્દેશક આર. વી.અસારીએ યુવાનોને વાર્તાના ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું કે સપના આંખો ખોલીને સપના જોઇ તેને પૂર્ણ કરવા હાંકલ કરી હતી. યુવાનોને દીકરી, વડીલોને સન્માન કરે તેવો સંદેશ આપ્યો હતો.દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરે વિદ્યાર્થીઓને શિક્ષણમાં આવેલ પરિવર્તન અને યુવાનો કારકિર્દીમાં આગળ આવે તેવી પ્રવૃતિઓ કરવી જોઈએ ખૂબ લખે અને ખુબ આગળ વધે તે માટે મહેનત કરે તેમ જણાવેલ હતું.

### બીએપીએસ મહિલા કાર્યકર દિવસ ઉજવાશે

વડોદરા : વ્યવસ્થાપન થકી સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન ધરાવતી બી એ પી એસ સંસ્થા ની કરોડરજ્જુ સમાન કાર્યકર ના સુવ્યવસ્થિત માળખા ને પચાસ વર્ષ પૂર્ણ થતાં આ સમગ્ર વર્ષ ને સંસ્થા દ્વારા સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ઉજવાય રહ્યું છે. એ અન્વયે બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે આગામી શનિવાર તારીખ ૧૯ ઓક્ટોબર બપોરે ૦૨.૦૦ થી ૦૫.૦૦ દરમિયાન ભવ્ય મહિલા કાર્યકર સંમેલન નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના આઠ હજાર થી વધુ મહિલા કાર્યકરો ઉપસ્થિત રહેનાર છે.

ગુજરાતમિત્ર

ગતિવિધિ

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com

વીઝા પ્રોસેસ માટે દિપને તેની પત્નીના ખાતામાં 22 લાખ રૂપિયા રાખ્યા હતા

# ભરૂચમાં વિઝા અપાવવા મુદ્રા લોનના નામે ગઠિયો રૂ.1.24 કરોડનું ફુલેકુ ફેરવી ફરાર

**લોન** અપાવવાનું જણાવી ICICI બેંકનો રૂપિયા 24 લાખની લોનનો લેટર પણ આપ્યો હતો

(પ્રતિનિધી) ભરૂચ, તા.17
ભરૂચમાં ભેજાબાજે વિઝા માટે બેન્ક બેલેન્સ અને મુદ્રા લોન માટે એફડીના નામે રૂપિયા 1.24 કરોડની છેતરપિંડી કરીને ફરાર થઈ જતા ચકચાર મચી ગઈ હતી. આ શાતીર ગઠિયાએ 10થી વધુ લોકો સાથે ઠગાઈ કરી હોવાનું પણ જાણવા મળ્યું છે. ભરૂચના ઝાડેશ્વર રોડ પર આવેલી રામવાટીકા સોસાયટી ખાતે રહેતા દિપન દલાલ કાર સ્પાની દુકાન ધરાવે છે. તેમની દુકાન પર યતિન અરૂણ શાહ (રહે. સુરભી બંગ્લોઝ, પ્રાર્થના વિદ્યાલય પાસે, ભોલાવ) પણ ત્યાં કામ કરતાં કર્મચારીઓને મળવા આવતો હોય તેની સાથે તેમની મિત્રતા થઈ હતી. દિપને તેની પુત્રીના યુ.કે. ખાતે મેનેજમેન્ટના અભ્યાસ માટે વિઝાની પ્રોસેસ કરી હતી. પરંતુ કોઈ કારણોસર તેમના વિઝા એપ્રૂવ થયા ન હતા. આ મુદ્દે તેમણે યતિન શાહને જાણ કરતા યતિને જણાવ્યું હતું કે, તેમની એક ઓળખીતી જાનકીબેન મુંબઈની યુ.કે. એમ્બેસીમાં નોકરી કરે છે. તેને વાત કરશે તો કામ થઈ જશે. વીઝા પ્રોસેસ માટે દિપને તેની પત્નીના ખાતામાં 22 લાખ રૂપિયા રાખ્યા હતા. જે અંગે યતિને જણાવ્યું હતું કે, રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થતું હોવાનું બતાવવું પડશે. અને તે પારિવારિક સભ્યોમાં નહીં અન્યના ખાતામાં કરાવવું પડશે. આમ કહી તેણે પોતાના ખાતામાં તે રૂપિયા નાંખે તો તે પરત કરી આપશે તેવું જણાવ્યું હતું. જેથી દિપેને વિશ્વાસમાં આવી યતિનના એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

#### યતિને કોને કોને છેતર્યા

જાણવા મળ્યા મુજબ, યતિન શાહે દિપન દલાલ પાસેથી રૂપિયા 18 લાખ, રાકેશ ભટ્ટના રૂપિયા 30.70 લાખ, ધ્રૂવ પટેલના રૂપિયા 5 લાખ, તેજલ માસ્તર રૂપિયા 11.60 લાખ, સુનિલ પરમાર રૂપિયા 5.95 લાખ, સંદિપ શ્રીવાસ્તવના રૂપિયા 3.50 લાખ, સ્નેહલ પટેલના રૂપિયા 4.30 લાખ, અલ્પેશ શાહના રૂપિયા 24.30 લાખ, રમેશ ત્રિવેદીના રૂપિયા 13.90 લાખ, નરેન્દ્ર પટેલના રૂપિયા 7.25 લાખ હડપી લીધા હતા. શાતીર ભેજાબાજ યતિન શાહએ લોકોને અલગ અલગ રીતે છેતર્યા હતા. તેણે મુદ્રાલોન માટે એફડી બતાવવા પર્સનલ લોનના બહાને રાકેશ ભટ્ટ, ધ્રૂવ પટેલ, તેજલ માસ્તર, સુનિલ પરમાર, સંદિપ શ્રીવાસ્તવ, સ્નેહલ પટેલ સાથે ઠગાઈ કરી હતી. જ્યારે અલ્પેશ શાહને પ્રધાનમંત્રી સબસીડી યોજનાના લાભ અપાવવાના બહાને, રમેશ ત્રિવેદીને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ અને એજ્યુકેશન લોનના બહાને તથા નરેન્દ્ર પટેલને ફ્લેટમાં રોકાણને બહાને ઠગાઈ કરી હતી.

બાદમાં બે મહિના બાદ પણ વિઝા નહીં આવતા દિપને રૂપિયા પરત માંગતા રૂપિયાની એફડી કરી નાંખી હોવાનું જણાવી તેના લેટરનો ફોટો મોકલ્યો હતો. બાદમાં તેમની પુત્રીને લોન અપાવવાનું જણાવી ICICIનો 24 લાખની લોનનો લેટર પણ આપ્યો હતો. જે લેટર સાથે તેમણે પુત્રીને યુ.કે. એમ્બસીમાં મોકલતા તે રિજેક્ટ થતાં આ અંગે તપાસ કરતા યતિન શાહે બધું બોગસ આપ્યું હોવાનું અને ભાગી ગયો હોવાનું માલૂમ પડયું હતું.

લઘુમતી નામની આડમાં નાસતો ફરતો હતો

# 18 વર્ષથી અજ્ઞાતવાસ ભોગવતો રીઢો ઝડપાયો

**કલ્લુ** ગૌતમને પોલીસે કલ્લુ કુરેશી સમજીને ધરપકડ કરી અને ખુલ્યો 18 વર્ષ જુની ગુનેગારીનું રહસ્ય

(પ્રતિનિધી) ભરૂચ, તા.17
ભરૂચના આમોદ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં છેલ્લા 18 વર્ષથી ફરાર આરોપીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઝડપાયેલ આરોપી મુસ્લિમ નામ ધારણ કરી પોલીસથી નાસતો ફરતો હોવાનું બહાર આવ્યું હતું. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંક્લેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે, ચોરીનો રીઢો મનાતો આરોપી કલ્લુ કુરેશી સુરતની કીમ ચોકડી નજીક આવેલ પાલોડના કોહીનુર એપાર્ટમેન્ટમાં છે. જેના આધારે પોલીસે તેની પાછળ વોચ ગોઠવી તેને કીમ ચોકડી પાસે આવેલ દાલમીલ પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપી અંગે તલસ્પર્શી તપાસ હાથ ધરતા તે વર્ષ 2006માં આમોદ પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીના ગુનાનો આરોપી હોવાનું ખુલ્યું હતું.

તે પોલીસ ધડપકડથી બચવા માટે મુસ્લીમ નામ કલ્લુ કુરેશી રાખી લપાતો છુપાતો અરવિંદ ઉર્ફે કલ્લુ જબુ ગૌતમ જ હતો. જે મુસ્લીમ નામ ધારણ કરી સુરતની કીમ ચોકડી નજીક આવેલ પાલોડના કોહીનુર એપાર્ટમેન્ટમાં રહેતો હતો.

અરવિંદ ઉર્ફે કલ્લુ જબુ ગૌતમ ચોરીના ગુનામાં છેલ્લા 18 વર્ષથી નામ બદલી અજ્ઞાતવાસમાં રહેતો હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી હતી. પોલીસે અરવિંદ ઉર્ફે કલ્લુ ઉર્ફે કુરેશી જબુ ગૌતમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આઠમી એડીશનનો શુભારંભ થયો હતો

# એમ્પટેક ઈન્ડિયા ફાર્મા મશીનરી અને લેબ એકવિપમેન્ટનો એક્સપો



(પ્રતિનિધી) વડોદરા, તા.17
વડોદરામાં એમ્પટેક ઈન્ડિયા ફાર્મા મશીનરી અને લેબ એકવિપમેન્ટ એક્સપો આઠમી એડીશનનો શુભારંભ થયો હતો. આ અગાઉ આ એક્સ્પો હરદ્વાર , વાઈઝાગ, ગોવા, કોચી જેવા શેહરોમાં યોજાયો હતો. આ એક્સ્પોમાં ભારતભરમાંથી 100 થી વધુ કંપનીઓ એ ભાગ લીધેલ છે. આ એક્સ્પોમાં સ્પિંકો બાયોટેક, વીએમ સર્વિસ, મેક એન્જિનિયરસ, અમી પોલિમર, એરકેર પ્રોજેક્ટ્સ., એલીગન્સ, પટેલ સાઈન્તિફિક, નોક્ષઈર જેવી મોટી કંપનીઓએ ભાગ લીધેલ છે.

આ એક્સ્પોને વડોદરા ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન અને ગુજરાત સૈન્ટિફિક એસોસિયેશનના સપોર્ટ થી યોજવામા આવ્યો છે. આ એક્સ્પો યોજવાનો મુખ્ય હેતુ એ છે કે એકજ છત હેથળ ઈન્ડસ્ટ્રી ના તમામ ઉત્પાદકો અને વિક્રેતાઓ ભેગા થઈ એક મેકના સંયોગથી આગળ વધે અને આવનારી નવી ટેકનોલોજી વિશે ચર્ચા કરી ઈન્ડસ્ટ્રીને આગળ લઈ જાય.

## રોડના ધોવાણ મામલે સમન્વય બંગ્લોઝને નોટિસ ફટકારી

(પ્રતિનિધી) વડોદરા તા. 17
વડોદરા મહાનગર પાલિકા હસ્તક પશ્ચિમ ઝોન વહીવટી વોર્ડ નં ૧૨ માં સમાવિષ્ટ અટલાદરા -પાદરા મેઈન રોડ પર બાબા માર્બલ વાળી ગલીમાં જે સમન્વય સાઈટ ની કામગીરી હાલ ચાલુ છે. સાઈટ પર ચાલતી કામગીરી અન્વયે કોઈ બાઉંડ્રી વોલ - બેરીકેડ બનાવવામાં આવ્યા નથી. જેની અગાઉના પત્ર થી જાણ કરેલી હતી. તેમ છતાં હજુ સુધી કોઈ કામગીરી હાથ ધરાઈ નથી. જેના કારણે માટીનું ચીકાસ વાળુ પાણી ધોવાઈને રોડ પર આવે છે. રોડ પર કાદવ કીચડ થઈ રોડનું ધોવાણ થઈ જાય છે. જેના કારણે રોડ પર ખાડા પડી જાય છે. સ્થાનિક રહીશોનો અવર જવર માટે તકલીફ પડે છે. સોસીયલ મિડીયાનાં માધ્યમ દ્વારા વાંરવાર ફરીયાદો કરવામાં આવી છે. જે મામલે આ સાઈટ પર માટીના ધોવાણ વાળા પાણીને રોડ પર આવતું અટકાવવા અન્ય જગ્યાએ નિકાલ કરવા સખ્ત સુચના આપવામાં આવી છે. અન્યથા કાયદેસર ની કાર્યવાહી હાથ ધરાશે.

ટ્રેક્ટરની મદદથી ૩૪૦ લોકોની ટીમે કરી કામગીરી

# પૂર બાદ વડોદરા શહેરમાં પડેલા 15326 ખાડાઓ પેચવર્ક કરાયા

(પ્રતિનિધી) વડોદરા, તા.17
ભયાનક પૂરની અસરથી વડોદરાને મુક્ત કરવાના પ્રયાસો આયોજનબદ્ધ રીતે,વિવિધ ક્ષેત્રોમાં એકસાથે થયાં. જેમાં રસ્તાઓના સમારકામ અને વિવિધ ટેકનીક્સ પ્રયોજીને ખાડા પૂરવાના કામોનો સમાવેશ થાય છે. પૂર બાદ શહેરમાં માર્ગો ઉપર પડેલા ૧૫૩૨૬ ખાડાઓને પેચવર્ક કરી દુરસ્ત કરવામાં આવ્યા છે.

મ્યુનિ. કમિશનર શ્રી દિલીપ રાણાએ જણાવ્યું કે, શહેરમાં મહાપાલિકા હસ્તક કુલ ૧૮૩૭ કિલોમીટરના માર્ગો છે. જેમાં ૧૮ મીટર કે તેનાથી વધુ પહોળાઈ ધરાવતા ૭૪૨ માર્ગો, તેનાથી ઓછી પહોળાઈ ધરાવતા ૧૦૯૫ રસ્તાઓ છે. ભારે વરસાદ અને તે બાદ આવેલા પૂરથી માર્ગોને નુકસાન થયું હતું. રસ્તાઓને પૂર્વવત કરવા દિવસ અને રાત કરવામાં આવ્યું કામ રસ્તાઓનું જરૂરી સમારકામ ઝડપથી કરવા દિવસ અને રાતની બે જુદી જુદી શિફ્ટમાં યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી અને રસ્તાઓ પૂર્વવત કરવામાં આવ્યા. પૂરના પાણી ઓસરી ગયા તે પછી તા.૩૦ ઓગસ્ટથી શરૂ કરવામાં આવેલી રસ્તાની દુરસ્તીની કામગીરી સતત ચાલુ રાખવા દરરોજ ૩૨ જેસીબી, ૪૦ ડંપર, ૧૯ નાના ડંપર ૬૦ જેટલા ટ્રેક્ટર અને ૩૪૦ જેટલા શ્રમિકોને કામે લગાડીને રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું હતું. પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સંકલનથી ખાડા પૂરવાની કામગીરી કરવામાં આવી અને શહેરના પૂર્વ વિસ્તારમાં આજવા રોડ, બાપોદ, સવાદ,વારસિયા રિંગ રોડ, ફતેપુરા, હરણી સહિતના વિસ્તારો,પશ્ચિમમાં ભાયલી, ગોરવા, ગોત્રી, વાસણા, તાંદલજાસહિત લગભગ તમામ અસર પામેલા વિસ્તારોમાં રસ્તાઓને સુધારીને વાહન વ્યવહારને યોગ્ય એટલે કે મોટરેબલ કરવામાં આવ્યા છે.

## 'શો મેની ટાઈમ ચેન્જ જોબ્સ' વિષય પર સેમીનાર યોજાશે

(પ્રતિનિધી) વડોદરા તા. 17
યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ ઈ બી ), વડોદરા દ્વારા તા ૧૯/૧૦/૨૦૨૪ ના શનિવારે સવારે ૧૦.૦૦ વાગે યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો (યુઈબી) ,સી બ્લોક ,ચમેલી બાગ ,કમાટી બાગની સામે ,યુનીવર્સીટી ગેસ્ટ હાઉસની બાજુમા ,વડોદરા ખાતે રોજગાર ભરતી મેલાનુ આયોજન કરેલ છે. જેમા B.E. MBA (marketing),MCOM ની લાયકાત ધરાવતા અનુભવી અને બિન અનુભવી ૧૮ થી ૪૦ વર્ષ સુધિના મહીલા અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ભરતી મેળા પુર્વે so many time change jobs વિષય પર સેમીનાર યોજાશે. ઓનલાઈન રોજગારી માટે તેમજ રોજગાર લક્ષી અનુબંધમ અને એનસીએસ પોર્ટલ અંગે નિઃશુલ્ક માર્ગદર્શન આપશે. રોજગારવાચ્છું ઉમેદવારોને ૩ રીઝયુમની નકલો સાથે સ્વ ખર્ચે હાજર રહેવા યુઈબીના નાયબ વડાની યાદીમા જણાવેલ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આવતીકાલે આ વિયર યોજનાનું કરશે ખાતમુહૂર્ત

# સાવલી સ્થિત પોઇચા નજીક મહી નદીમાં 429.76 કરોડના ખર્ચે બનશે વિશાળ વિયર

**વિયર** બનતા સાવલી તાલુકાના ૩૪ ગામો અને ઉમરેઠ તાલુકાના ૧૫ ગામોને પીવા અને સિંચાઇના પાણીનો લાભ

(પ્રતિનિધી) વડોદરા, તા.17
દેશના ખૂણે-ખૂણે પાણીની સરળ અને પૂરતી ઉપલબ્ધિને પોતાનું લક્ષ્ય બનાવીને એ દિશામાં સતત કાર્યરત એવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં પાણીની લગતી અનેકાનેક યોજનાઓને સાકાર કરી છે. તેમના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ગુજરાતની પ્રજાને હંમેશા પૂરતું પાણી મળે તેની ખાતરી આપી રહ્યાં છે. આ જ દિશામાં ગુજરાત સરકારનું વધુ એક મક્કમ પગલું એટલે રૂા. ૪૨૯.૭૬ કરોડના ખર્ચે સાવલી તાલુકાના પોઈચા ગામ પાસે મહી નદી પર આ વિશાળ



વિયરનું થશે નિર્માણ !

મહી નદી પર આ અગાઉ બાંધવામાં આવેલાં અન્ય ડેમ અને વિયરની વાત કરીએ તો, અહીં કડાણા ડેમ, દોલતપુરા વિયર, વણાકબોરી વિયર અને સિંધરોટ વિયરનું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલના વણાકબોરી વિયર અને સિંધરોટ વિયરની વચ્ચે પોઈચા કનોડા વિયર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિયરનું નિર્માણ થતાં સાવલી તાલુકાના ૩૪ ગામોને તેમજ ઉમરેઠ તાલુકાના ૧૫ ગામોને લાભ મળશે. સાવલી નગર તેમજ આજુબાજુના ૪૦ જેટલા ગામોની આશરે ૭૭૦૦૦ જેટલી વસ્તી માટે પીવાના અને સિંચાઈના પાણીની ઉપલબ્ધિ વધુ સુગમ બનશે. આ વિયરના ઉપરવાસમાં આશરે ૧૫ કિલોમિટર. સુધી પાણી ભરાઈ શકશે અને નદીની બન્ને બાજુ ૪ કી.મી. થી વધુ પહોળાઈમાં ભૂગર્ભ જળનું સિંચન થઈ શકશે.

એટલું જ નહિ, આવિયરથી ૪૯ જેટલાં ગામોના આશરે ૪૯૦થી પણ વધારે કુવાઓ રિચાર્જ થશે. એકંદરે આ વિયરના કારણેભૂગર્ભ જળનું સ્તર ઊંચુ આવશે અને તેની ગુણવત્તામાં પણ સુધાર થશે. જેનાથી આજુબાજુના વિસ્તારને પણ સીધી અને આડકતરી રીતે સિંચાઈનો લાભ મળશે. ખેડૂતોના હિતમાં સતત કામ કરતી ગુજરાત સરકારની આ યોજના થકી સાવલી અને તેની આસપાસના વિસ્તારમાં ખેતીમાં પાણીની સુવિધા મળતા ખેડૂતોની આર્થિક પ્રગતિ થશે. કૃષિની સાથે સાથે સાવલી એ ઔદ્યોગિક એકમોથી પણ ધમધમતું કેન્દ્ર છે. નદી પર આ વિયર બનવાથી સાવલી અને તેની આસપાસના ઉદ્યોગોને ઔદ્યોગિક વપરાશ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થશે.

# અનુ જાતિ મોરચા દ્વારા મહર્ષિ વાલ્મિકી જયંતીની ઉજવણી



(પ્રતિનિધી) વડોદરા, તા.17
ગુજરાત પ્રદેશ અનુ.જાતિ મોરચાના અધ્યક્ષ ગૌતમ ભાઈ ગેડીયાજીની સૂચના થી અને વડોદરા મહાનગર ભારતીય જનતા પાર્ટી ના અધ્યક્ષ વિજયભાઈ શાહ ના માર્ગદર્શન હેઠળ મોરચા ના પ્રમુખ હર્ષદ પરમાર (વકીલ )ના નેતૃત્વ માં તા.૧૭/૧૦/૨૪ ના રોજ મહર્ષિ વાલ્મિકી જ્યંતિની ઉજવણી કરવા માં આવી હતી. શહેર ના જગન્નાથ કોમ્લેક્સ ગીતા મંદિર પાસે ચોખંડી રોડ ખાતે અનુસૂચિત જાતિ મોરચા ના પ્રમુખ હર્ષદભાઈ પરમાર (વકીલ) ના નેતૃત્વમાં જન્મ જ્યંતી ની ઉજવણી કરવામાં આવી હતી .જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા. હતા આ કાર્યક્રમ માં મહર્ષિ વાલ્મિકી જી ની તસ્વીર ને ફુલહાર પુષ્પ અર્પણ કરવામાં આવ્યા હતા .

આ કાર્યક્રમ માં વોર્ડ નં ૧૬ ના કાઉન્સિલર ઘનશ્યામભાઈ સોલંકી, ભાનુભાઈ પરમાર, મહામંત્રી મનીષભાઈ કાપડિયા ઉપપ્રમુખ અને સદસ્યતા અભિયાનના સહ સંયોજક અશ્વિનભાઈ મકવાણા તથા સંયોજક મહેન્દ્રભાઈ સોલંકી તેમજ મોરચાના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન નૈનેશ ભાઈ સોલંકી અને અનુ જાતિ મોરચા ની ટીમ દ્વારા કરાયું હતું.

# રોજગાર કચેરી દ્વારા આજે પાદરા ખાતે ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

**ભરતી મેળામા** સ્વતંત્ર હલન ચલન અને હાથથી કામ કરી શકે તેવા 18 થી 40 વર્ષના હીયરીંગ ઈમપેરડ (શ્રવણમંદ ) સ્ત્રી, પુરુષ ઉમેદવારો પણ ભાગ લઈ શકશે

(પ્રતિનિધી) વડોદરા, તા.17
શ્રમ ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ ,નિયામક રોજગાર અને તાલીમ હેઠળની મોડેલ કરીઅર સેન્ટર, મદદનીશ નિયામક (રોજગાર )કચેરી, તરસાલી ,વડોદરા તથા યુનિવર્સીટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો, વડોદરા તથા નગરપાલીકા પાદરાના સંયુકત ઉપક્રમે તા. 18.10.2024 ના રોજ પ્રમુખ સ્વામી મહારાજ નગર હોલ,પાદરા ખાતે સવારે ૦૯.૦૦ કલાકે ધો, ૧૦.પાસ,૧૨ પાસ,આઈટીઆઈ (ઈલેકટ્રીશ્યન,વાયરમેન,ફીટર,વેલ્ડર,એઓસીપી,એલએસીપી ,ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક,વાઈન્ડર,આર એફ એમ, કોપા,પીપીઓ,સીએનસી ઓપરેટર),એએનેમ નર્સીંગ,જીએનએમ નર્સીંગ ડીપ્લોમા (ઈલેકટ્રીકલ,કેમીકલ,મીકેનીકલ,ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક,ફાયર સેફ્ટી),બીબીએ,બીકોમ,બીએસસી /એમએસી (કેમીસ્ટ્રી),બી ફાર્મ,બીઈ (મીકેનીકલ,ઈલેકટ્રીકલ,ઈન્સ્ટ્રુમેન્ટ,) વગેરે લાયકાત ધરાવતા 18 થી 35 વર્ષના સ્ત્રી અને પુરુષ ઉમેદવારો માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજવામા આવશે. જેમાં પાદરા અને તેની આજુબાજુની 25 જેટલી કંપની ,સંસ્થાઓ દ્વારા 700 થી વધુ ટેકનીકલ અને નોન ટેકનીકલ જગ્યા માટે ઈન્ટરવ્યુ દ્વારા ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરવામા આવશે . આ ભરતીમેળામાં ભાગ લેવા માટે નોકરીદાતા અને ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલના www.anubandham.gujarat.gov.in પરના ભરતી મેલામા પાર્ટીસીપેટ કરવાનુ રહેશે .જે ઉમેદવારો સંરક્ષણ ક્ષેત્રે અગ્નીવીર માટે કારકિર્દી બનાવવા માંગે છે તેઓને ફ્રી 30 દિવસની સ્ટાઈપન્ડ સાથેની ફીઝકલ અને થીયરી નિવાસી તાલીમ લેવા માંગતા ઉમેદવારોના તેમજ ઓનલાઈન રોજગારી મેળવવા માંગતા ઉમેદવારોના અનુબંધમ પોર્ટલ નામ નોંધણીના ફોર્મ ભરવામા આવશે તેમજ સ્વરોજગાર ,ફ્રી વોકેશનલ તાલીમ તેમજ વિદેશમા રોજગારી અને શિક્ષણ માટે સેફ લીગલ માઈગ્રેશન માટે વિના મુલ્યે માર્ગદર્શન આપવામા આવશે.ઉમેદવારોને 5 રીઝ્યુમે સાથે સ્વ ખર્ચે ભરતી મેલાના સ્થળ પર હાજર રહેવા વડોદરાના રોજગાર અધિકારીની યાદીમા જણાવેલ છે

**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.**

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.

દાહોદ શાખા: C.S.NO. 58, S.F.2, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોડી રોડ, દાહોદ 389151, ગુજરાત.

**એપેન્ડિક્સ-IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL )ના અધિકૃત અધિકારી છે અને કલમ 13 (12 )ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતાં મળેલી સત્તાનો ઉપયોગ કરી કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત ઋણ લેનારાઓ- ગેરેન્ટર્સને ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં તેમને નોટિસમાં ઉલ્લેખિત બાકી નીકળતી રકમ વ્યાજ સહિત તે નોટિસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા કહેવાયું હતું. જોકે, ઋણ લેનાર તે રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હતા. આ કારણથી ઋણ લેનારાઓ- ગેરેન્ટર્સ અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ 2002ના નિયમ 8 સાથે વાંચતાં મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખિત મિલકતોનો કબજો મેળવ્યો છે. ઋણ લેનારાઓનું ધ્યાન મિલકત ફરીથી મેળવવા માટે સમયની ઉપલબ્ધતા અંગે ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) પર દોરવામાં આવે છે. ખાસ કરીને અહીં ઉલ્લેખિત ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે, અહીં ઉલ્લેખિત મિલકત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલકત સાથે કોઈ પણ સોદો અહીં ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે AHFLના આધીન રહેશે.

| ક્રમ નં. | ઋણ લેનાર-સહ ઋણ લેનારનું નામ (શાખાનું નામ) | સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નંબર 38110000005/દાહોદ શાખા) સ્વ. રજાકભાઈ નિયાઝ મોહંમદ સબજીફરોઝ (કાનૂની વારસદાર દ્વારા પ્રતિનિધિત્વ) (ઉધાર લેનાર), નિર્મલકુમાર લક્ષ્મીનારાયણ પાલ (જામીનદાર) | પ્રોપર્ટી બેરિંગનો તે તમામ ભાગ અને પાર્સલ, A 302 3જી ચિસ્તિયા એપાર્ટમેન્ટ ઉકરડી રોડ, દાહોદ 2, 3 દાહોદ ગુજરાત 389151. સીમાઓ: પૂર્વ- બ્લોક બી ફ્લેટ્સ, વેસ્ટ- ફ્લેટ નંબર 301, નોર્થ- બ્લોક ડી ફ્લેટ, દક્ષિણ - રોડ. | 11-03-2024 ------------ રૂ. 3,48,843/- | 16-10-2024 |

સ્થળ: ગુજરાત
તારીખ: 18-10-2024

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ